**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના સંકલન માટે બે માનનીય ભૂતપૂર્વ મંત્રીશ્રીઓની સેવાઓ ઉપલબ્ધ કરવા વિષયક**

ગુજરાત સરકાર,
ન.જ.સં. અને પા.પુ. વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ-૨૦૦૩-૩૫-૧૨૩૧-આર
નવા સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭-૦૫-૨૦૦૩.

**પૂર્વભૂમિકા:-**

રાજયમાં જળસંચય અને ભૂગર્ભ જળ રીચાર્જની કામગીરી લોકજૂથથી સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે તબકકા-૧ અને તબકકા-૨ માં કરવામાં આવેલ, જેમાં ૨૦,૦૦૦ જેટલા ચેકડેમો લોક ભાગીદારીથી થયેલા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ જળસંચયની આ યોજનાને અગ્રીમતા આપેલી છે અને તેઓ પોતે વખતોવખત આ કામમાં થયેલ પ્રગતિ અન્વયે સમીક્ષા કરે છે. તા. ૨૨-૦૪-૨૦૦૩ ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા નીચે મંત્રીશ્રીઓની અને અધિકારીશ્રીઓની મળેલ બેઠકમાં ચેકડેમના સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના તબકકા-૩ ની કામગીરીમાં પ્રગતિ થાય અને હજુ વધુ લોકાભિમુખ આ કામગીરી કરીને ચોમાસા સુધીમાં ૧૦,૦૦૦ ચેકડેમો અને પાંચ વર્ષમાં ૧,૫૦,૦૦૦ ચેકડેમો બાંધવાનું આયોજન વિચારવામાં આવેલ છે.

આમ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના તબકકા-૩ ની કામગીરીનું સંકલન સરળતાથી લોકજૂથ સાથે, ધારાસભ્યશ્રીઓ સાથે, સંસદસભ્યશ્રીઓ સાથે, એન. જી.ઓ. સાથે તેમજ અન્ય આવી કામગીરી કરતા અન્ય વિભાગો સાથે થાય તેને ધ્યાને રાખી રાજયમાં ચેકડેમની કામગીરીને બે ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે, જેમાં એક સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર અને બીજો સૌરાષ્ટ્ર અને કચ્છ સિવાયનો ગુજરાતનો વિસ્તાર.

માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા નીચે મળેલ બેઠકમાં અગાઉ માનનીય મંત્રીશ્રી (સિંચાઇ) તરીકે રહી ગયેલ અને ચેકડેમની કામગીરીનો અનુભવ ધરાવતા માનનીય ભૂતપૂર્વ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલને ગુજરાતના વિસ્તારની કામગીરી અને માનનીય ભૂતપૂર્વ મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારની કામગીરી સોંપવામાં આવેલી છે. આ અંગે પુખ્ત વિચારણાને અંતે નીચેની વ્યવસ્થા અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

૧. સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના તબકકો-3 અંતર્ગત ચેકડેમની/ તળાવની કામગીરીનું સંકલન કરવું તેમજ આ સમગ્ર યોજનામાં પડતી મુશ્કેલીઓ દૂર કરી લોકજૂથની આ યોજનામાં મહત્તમ યોગદાન આપી શકે તે માટેના જરુરી સૂચનો બહાર પાડવા તેમજ કામોની પ્રગતિ થાય, ઉચ્ચ અધિકારીઓ, માનનીય ધારાસભ્યશ્રીઓ, માનનીય સંસદસભ્યશ્રીઓ, નોન ગવર્નમેન્ટ અધિકારી, માર્કેટયાર્ડ, ઉધોગપતિઓ, ડેરી, એન.જી.ઓ. વગેરે સાથે સંકલન કરી આ કામગીરીને વેગ મેળ અને ઉચ્ચ કક્ષાની ગુણવત્તા જળવાય, લોકજૂથને સમયસર ચૂકવણા થાય તેમજ વખતોવખત માનનીય મુખ્યમંત્રીશ્રીને અને અન્ય મંત્રીશ્રીઓને વાકેફ કરવા જેવી અગત્યની કામગીરી માનનીય ભૂતપૂર્વ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલને ગુજરાત વિસ્તારની કામગીરી અને માનનીય ભૂતપૂર્વ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાને સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારની કામગીરી સોંપવામાં આવે છે.

૨. આ કામગીરી કરવા માટે શ્રી નીતિનભાઈ પટેલને સચિવાલયના બ્લોક નં.૯ માં ૯ મા માળે ઓફિસ ફાળવવામાં આવે છે.( જે જયાં અગાઉ હાલના માનનીય મંત્રીશ્રી (ઉર્જા અને પેટ્રોલીયમ) શ્રી સૌરભભાઈ પટેલ બેસતા હતા કે જયારે તેઓ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાના અધ્યક્ષશ્રી હતા.).આજ પ્રમાણે શ્રી અરવિંદભાઈ પટેલને ફાળવવામાં આવેલ કક્ષ પણ આ વ્યવસ્થા માટે શ્રી બાબુભાઈ બોખીરીયાને બેસવા માટે ફાળવવામાં આવે છે.

3. માનનીય ભૂતપૂર્વ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યાન્વયન સમિતિ (ગુજરાત ક્ષેત્ર) ના ચેરમેન તરીકે અને માનનીય ભૂતપૂર્વ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના કાર્યન્વયન સમિતિ ( સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્ર)ના ચેરમેન તરીકે ઓળખવાના રહેશે.

૪. આ બંન્ને ચેરમેનશ્રીઓને જળસંપત્તિ વિભાગ તરફથી મુખ્ય ઈજનેર (યાંત્રિક) અને અધિક સચિવશ્રી ધ્વારા બે એ.સી. વાહનની ફાળવણી કરવાની રહેશે. હાલના તબકકે ડેટા સેન્ટરમાં ઉપલબ્ધ બે કાલીસ ગાડી, ડ્રાઈવર સાથે, મુખ્ય ઈજનેર (યાંત્રિક) અને અધિક સચિવશ્રી ધ્વારા મુખ્ય ઈજનેર (ઉ.ગુ.) અને અધિક સચિવશ્રી સાથે સંકલન કરીને ફાળવવાની રહેશે. આ બન્ને ચેરમેનશ્રીઓને એક એક પટાવાળા, એક એક કારકુનની વ્યવસ્થા નાયબ સચિવશ્રી (કગ) ધ્વારા સત્વરે કરવાની રહેશે, જયારે મદદનીશ ઈજનેર કક્ષાના એક એક ઈજનેરને તાંત્રિક રીતે ચેરમેનશ્રીઓને મદદરૂપે અધિક્ષક

ઈજનેરશ્રી, (સી.ડી.ઓ) ધ્વારા તેમની સાથે ચર્ચા કરી ફાળવણી કરવાની રહેશે. ટાઈપીસ્ટ, કોમ્પ્યુટર તેમજ અન્ય સ્ટાફની જયારે જયારે જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે તેની સઘળી વ્યવસ્થા મુખ્ય ઈજનેર (સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી ધ્વારા પૂરી પાડવાની રહેશે.

૫. આ બંને ચેરમેનશ્રીઓ તેમની કક્ષાએ વિવિધ ક્ષેત્રમાં , વિવિધ જિલ્લામાં મુસાફરી કરી માનનીય સંસદસભ્યશ્રીઓ, માનનીય ધારાસભ્યશ્રીઓ, લોકજૂથ, ઉધોગપતિઓ, એન.જી.ઓ., સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ અન્ય વિભાગના અધિકારીઓ કે જેઓ આ પ્રકારની જળસંચયચયને લગતી કામગીરી કરે છે તેઓની સાથે ચર્ચા કરી શકશે તેમજ આવી ચર્ચાને અંતે તેઓ જરૂરી સૂચનો પણ માનનીય મંત્રીશ્રી (સિંચાઈ) ને આપી શકશે. કામની પ્રગતિમા વેગ આવે તે માટે તેઓ વખતોવખત ઉચ્ચ અધિકારીઓ સાથે મીટીંગ બોલાવીને અને યોજનાની સરળતા અને ગુણવત્તા જળવાય વગેરે જેવી અગત્યની બાબતો માટે સમીક્ષા બેઠકો બોલાવી શકશે અને આવી સમીક્ષા બેઠકમાં થયેલી પ્રગતિ અંગે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી (સિંચાઈ) ને વાકેફ કરી શકશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

V. P. Kapadia

(વી. પી. કાપડીયા)
ઉપસચિવ(જળસંચય)
ન.જ.સં.અને પા.પુ.વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

**નકલ સાદર રવાના પ્રતિ,**

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ (સર્વે)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,
- માનનીય મંત્રીશ્રી (સિંચાઈ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (ઉર્જા, પેટ્રોકેમીકલ્સ અને આયોજન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય ભૂતપૂર્વ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ,
- માનનીય ભૂતપૂર્વ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા,
- મુખ્ય સચિવશ્રી
- અધિક મુખ્ય સચિવશ્રી (સર્વે)
- અગ્ર સચિવશ્રી (સર્વે)

- સચિવશ્રી (સર્વે)
- અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રી (સર્વે)
- અધિક્ષક ઈજનેરશ્રી ~~(સર્વે)~~ અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ - અ'વાદ
- માનનીય સંસદસભ્યશ્રીઓ (સર્વે)
- માનનીય ધારાસભ્યશ્રીઓ (સર્વે)

**નકલ રવાના પ્રતિ,**

કાર્યપાલક ઈજનેરશ્રી (સર્વે) ,ન.જ.સં.અને પા.પુ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નં: પી-૩/અ.બ.અ.વ./ગો/ક્રિકેટ/૨૮ ૧૦૩
તા. ૨૬/૫/૦૩

નકલ રવાના પ્રતિ, કાર્યપાલક ઈજનેરશ્રી, (૧) અમદાવાદ સિંચાઈ વિભાગ, અમદાવાદ (૨) જળસંપત્તિ સંશોધન વિભાગ, અમદાવાદ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

ISSUED

(સહી)
અંગત સચિવ અને નાયબ કાર્યપાલક ઈજનેર
અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ
અમદાવાદ કોડ નં. ૭૦